**Shri Govind Guru University**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૪/૧૬૨૯ તા. ૦૪/૦૩/૨૦૨૪

**પરીપત્ર-૩૩૧૧**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, વ્યવસ્થાપન, શિક્ષણ, કાયદા અને ગ્રામિણ શિક્ષણ વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, સીનીયર સુપરવાઈઝરશ્રીઓ તથા સબસેન્ટરોના કૉ-ઓર્ડીનેટરશ્રીઓ ને જણાવવાનું કે, ઉપરોક્ત વિદ્યાશાખાની માર્ચ/એપ્રિલ-૨૦૨૪ માં લેવાનાર સ્નાતક કક્ષાની અને અનુ-સ્નાતક કક્ષાની વિવિધ પરીક્ષાઓનું આયોજન અને સંચાલન સુચારુ રીતે થઇ શકે તે હેતુથી નીચે દર્શાવ્યા અનુસારની કોલેજોને તેના નામ સામે દર્શાવેલ વિસ્તારમાં મુજબ સબ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | સબ સેન્ટરનું નામ | વિસ્તાર | કૉ-ઓર્ડીનેટરનું નામ |
|---|---|---|---|
| ૧ | શેઠ પી.ટી. આર્ટસ અને સાયન્સ કોલેજ, ગોધરા | ગોધરા, કાલોલ, હાલોલ, શહેરા, વાંટાવછોડા, બેઢીયા, કાંકણપુર, સીમલીયા, કોઠંબા, દેવગઢબારીયા, ધાનપુર, વાઘજીપુર, મોરવા હડફ, ગઢ | **ડૉ. એમ. બી. પટેલ,** આચાર્યશ્રી, શેઠ પી. ટી. આર્ટસ અને સાયન્સ કોલેજ, ગોધરા. |
| ૨ | શ્રી પી. એન. પંડ્યા આર્ટસ, એમ. પી. પંડ્યા સાયન્સ એન્ડ ડી. પી. પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા. | લુણાવાડા, માલવણ, મુનપુર, લીમડીયા, સુખસર, સંતરામપુર, મધવાસ, ગરાડીયા, સાલાવાડા | **ડૉ. અલ્પેશ પંડ્યા,** કા. આચાર્યશ્રી, શ્રી પી. એન. પંડ્યા આર્ટસ, એમ. પી. પંડ્યા સાયન્સ એન્ડ ડી. પી. પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડા. |
| ૩ | નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ, દાહોદ. | દાહોદ, નગરાળા, ઝાલોદ, ફતેપુરા, ગરબાડા, લીમખેડા, સિંગવડ | **ડૉ. ભરતભાઈ બોદર,** કા. આચાર્યશ્રી, નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ, દાહોદ. |
| ૪ | સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઇ | ડભોઇ, સાધલી, કરજણ, હબીપુરા | **ડૉ. સુનીલભાઈ પટેલ,** કા. આચાર્યશ્રી, સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ ડી.એન. સાયન્સ કોલેજ, ડભોઇ |

| ક્રમ | સબ સેન્ટરનું નામ | વિસ્તાર | કૉ-ઓર્ડીનેટરનું નામ |
|---|---|---|---|
| ૫. | શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી | બોડેલી, સંખેડા, નસવાડી, પાવી-જેતપુર, છોટાઉદેપુર, કવાંટ, જાંબુઘોડા, કલારાણી, ગોલાગામડી, ગમાણી | **ડૉ. એચ. એમ. કોરાટ,** આચાર્યશ્રી, શેઠ ટી.સી. કાપડિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી |
| ૬ | એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા | વડોદરા, પીપળીયા, સાવલી, મુવાલ, છાણી, બાકરોલ, વિરોદ, ખટંબા, અકોટા, વરણામા, કોટંબી | **ડૉ. ગીરીશ પુરાણી,** કા. આચાર્યશ્રી, એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા |
| ૭ | સી.એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ. કે. એલ. દોશી કોમર્સ કૉલેજ, બાલાસિનોર | બાલાસિનોર, વિરપુર, વરધરી, કોયડમ | **ડૉ. ડી. પી. માછી,** આચાર્યશ્રી, સી.એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ. કે. એલ. દોશી કોમર્સ કૉલેજ, બાલાસિનોર |

ઉપર દર્શાવેલ સબ સેન્ટરોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની નવેમ્બર/ડીસેમ્બર-૨૦૨૩ દરમિયાન યોજાનાર પરીક્ષામાં નીચે મુજબની કામગીરીઓ કરવાની રહેશે.

1. પ્રત્યેક પરીક્ષા કેન્દ્ર ખાતે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકશ્રી/ગ્રંથપાલશ્રી/શા.શિ.અધ્યાપકશ્રીને જ ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરવાના રહેશે.
2. એક જ ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં અન્ય કોલેજોના અધ્યાપકશ્રી/ગ્રંથપાલશ્રી/શા.શિ.અધ્યાપકશ્રીને ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરવાના રહેશે
3. કઈ કોલેજ/પરીક્ષા કેન્દ્રમાં ઓબ્ઝર્વર તરીકે કોણ ફરજ નિભાવવાનું છે તેની યાદી (પરીક્ષા કેન્દ્રનું નામ, ઓબ્ઝર્વરનુંનામ, હોદ્દો, કોલેજનું નામ અને મોબાઈલ નંબર) પરીક્ષાનાં આગલા દિવસે યુનિવર્સિટીને ઈ-મેઈલ એડ્રસ staffdata@sggu.ac.in પર મોકલી આપવાની રહેશે.
4. પરીક્ષાના દિવસે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવતા પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ ઓબ્ઝર્વરની સાથે જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાના નિયત સમય કરતા ઓછામાં ઓછી ૩૦ મિનીટ પહેલા પહોચાડવાના રહેશે.
5. દરેક ઓબ્ઝર્વરશ્રીને પ્રશ્નપત્રોના કવરના સીલબંધ બોક્ષ પરીક્ષાના નિયત સમય કરતા ફક્ત ૨૦ મિનીટ પહેલા CCTV વાળા રૂમમાં આચાર્ય/સીનીયર સુપર વાઈઝરની હાજરીમાં જ ખોલવા અને તેનું રોજકામ કરવું, પ્રશ્ન પત્રોના પેકેટ જે તે પરીક્ષા ખંડમાં પરીક્ષાના નિયત સમય કરતા ફક્ત ૧૦ મિનીટ પહેલા જ ખોલવા તેમજ પરીક્ષા શરુ થયાના ૩૦ મિનીટ બાદ વધેલા પ્રશ્નપત્રો જે તે પરીક્ષા કેન્દ્રના એક્ઝામ કન્ટ્રોલ રૂમ ખાતે પરત મંગાવી લેવા. પરીક્ષા પૂર્ણ થયે વધેલા પ્રશ્નપત્રો પરત ન લાવતા જે તે કોલેજના આચાર્યશ્રીને આપી દેવા તેવી સુચના આપવી.

6. પરીક્ષા પૂર્ણ થયા બાદ લખાયેલ ઉત્તરવહીઓ તમામ પરીક્ષા કેન્દ્ર ખાતેથી એકત્રિત કરી તે જ દિવસે યુનિવર્સિટી ખાતે પહોંચાડવાની રહેશે.
7. સબ-સેન્ટર ખાતે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવેલ લખાયેલ ઉત્તરવહીઓના બંડલો જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે તપાસવા અર્થે પહોંચાડવા.
8. સબ સેન્ટર ખાતે યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવેલ કોરી ઉત્તરવહીઓ તેમજ સપ્લીમેન્ટરીઓના અનામત જથ્થામાંથી ઈમરજન્સી સંજોગોમાં જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે કોરી ઉત્તરવહીઓ પહોંચાડવી.
9. યુનિવર્સિટી દ્વારા પરીક્ષાનાં સંચાલન સંબંધિત અન્ય જે કામગીરી સોંપવામાં આવે તે બજાવવી.
10. યુનિવર્સિટી દ્વારા સબ સેન્ટર ખાતે પરીક્ષા કેન્દ્ર વાઈઝ પહોંચાડવામાં આવેલ પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવા તેમજ પરીક્ષા સંબંધિત અન્ય કામગીરીઓ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી જ વાહનો મેળવવા.
11. યુનિવર્સિટી દ્વારા ટેન્ડર પ્રક્રિયાથી વાહનો ફક્ત ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી મેળવવાનું નિયત કરવામાં આવેલ છે. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરની વિગત : રાજન ટ્રાવેલ્સ, અમદાવાદ. C/o શ્રી મયુરભાઈ સોલંકી, મો.નં. ૯૪૨૬૨૭૩૦૯૮/૯૨૬૫૪૫૭૧૨૫
12. સબ સેન્ટર દ્વારા મોકવવામાં આવેલ ગાડીઓની રીકવીઝીશન સ્લીપ સહી કરવી અને ઉપયોગ થયેલા કિલોમીટર સર્ટિફાઈડ કરવા.
13. **જે તે તબક્કાની પરીક્ષા પૂર્ણ થયાના દિન-૧૦ માં સબ-સેન્ટરના મહેનતાણાનાં બીલો અને તે અંગેનું વિગતવાર સ્ટેટમેન્ટ કો-ઓર્ડીનેટરશ્રીએ ચકાસી અને પ્રમાણિત કરી યુનિવર્સિટી ખાતે મોકલી આપવા.**
14. માન. કુલપતિશ્રી, કા. કુલસચિવશ્રી તથા પરીક્ષા નિયામકશ્રી દ્વારા આપવામાં આવતી અન્ય સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનું પાલન કરવું/કરાવવું.

પરીક્ષા નિયામક(વતિ)
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવસિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,
• સંબધિત સબ સેન્ટરોના કૉ-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

નકલ રવાના:
• શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા સીનીયર સુપરવાઈઝરશ્રીઓ તરફ જાણ સારું
• રાજન ટ્રાવેલ્સ, અમદાવાદ. C/o શ્રી મયુરભાઈ સોલંકી તરફ જાણ સારું